# શાસ્ત્રીશ્રી રાજેન્દ્રપ્રસાદજી



**એમ કહેવાય છે કે ગંગામાં જેટલું નાહીએ એટલું પુણ્ય મળે છે.**

**આ ભજન, સ્તુતિ પદના શ્રવણ વાંચનથી પણ તેવું જ થાય છે.**

***શાસ્ત્રીશ્રી રાજેન્દ્રપ્રસાદજી*** એટલા વિનમ્ર, ભાવુક અને સાવ જ સરળ વ્યક્તિત્વ ધરાવે છે કે આવા ભજન, પદ વગેરે તેના કંઠે શોભે છે, જે હંમેશા શ્રવણીય અને પ્રેરક બને છે. ઈશ્વરની સાથે વાત કરવાનું માધ્યમ ભજન, પદ અને સ્તુતિ છે. ઈશ્વરને આપણી પ્રાર્થના ગમે છે, તેમજ અંતરાત્માનો અવાજ હોઈ તેને સાંભળવી પડે છે, કારણ પ્રાર્થના અને ભજન કરવામાં હૃદયની શુદ્ધતા અને નમ્રતા રહેલી હોય છે. એસ.ટી.ડી. સેવા તો આજકાલની છે, પણ છેક ઈશ્વર સુધી હૃદયનાં ભાવો સાથેની વાતો પહોંચાડવાની વ્યવસ્થા ફક્ત આપણા સંતો - ભક્તોએ ભજનો, પ્રાર્થના, પદ, સ્તુતિ રચીને તેમજ મધુર કંઠે ગાઈને આપણને સુલભ કરી આપી છે. ગુઢમાં ગુઢ આધ્યાત્મિક રહસ્યો લોક ભોગ્ય વાણીમાં ભજનો ખોલી આપે છે.

***શાસ્ત્રીશ્રી રાજેન્દ્રપ્રસાદજી*** તેમની અમી વાણી અને દ્રષ્ટિથી સૌને વધુમાં વધુ આવા ભજનો, પદો, સ્તુતિઓ સંપાદિત કરીને તેનું પઠન, વાંચન ગાન કરી માનવજીવનને સમૃધ્ધ કરતા પ્રેરતા રહે તેવી શુભ કામના....

શેષ શુભ

ભાગવતાચાર્ય યજ્ઞવિદ્

**શાસ્ત્રી અક્ષયભાઈ શુક્લ**

# શ્રી સદ્‌ગુરૂ કૃપા સાર્વજનિક ટ્રસ્ટ

શ્રી રાજેન્દ્રપ્રસાદજી એ તેમના પૂજ્ય ગુરૂદેવ શ્રી શ્રી ૧૦૦૮ રામસ્વરૂપદાસજીનાં આશીર્વાદ અને પ્રેરણાથી સમાજને વાણી, વિચારો અને પ્રવૃત્તિ, શિક્ષણ જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, સંસ્કૃતિ વગેરે આપી શકાય તે હેતુ સિદ્ધ કરવા તેમજ ગુરૂદેવનાં ઋણમાંથી મુક્ત થવા ‘‘શ્રી સદ્‌ગુરૂ કૃપા સાર્વજનિક ટ્રસ્ટ’’ ની રચના કરવા પ્રેરાયેલ છે. વ્યકિતનાં ઉત્તમ ગુણો, યશ, કિર્તિ, ધૈર્ય, ઉંચા આદર્શો, મહાનતા, સરળતા વિગેરેમાં શ્રી ગુરૂકૃપા પ્રધાન છે એવું પૂ. શાસ્ત્રીજી નિ:સંદેહ સ્વીકારે છે. આ ટ્રસ્ટ મારફ્ત શૈક્ષણિક, આધ્યાત્મીક, આરોગ્યલક્ષી, ગૌશાળા, અન્નક્ષેત્ર તેમજ અન્ય ભિન્ન ભિન્ન સેવાલક્ષી પ્રવૃત્તિઓ કરવા પ્રયત્નશીલ છે. આ ઉત્તમ વિચારધારા સાથેના પ્રણેતા પૂજ્ય શાસ્ત્રીજી પોતે જ છે. આ માટે કોઈ અનુરૂપ જગ્યાએ યથા યોગ્ય દાતાઓ મળ્યેથી આવી પ્રવૃત્તિઓને વેગ આપવા ઈચ્છે છે. ત્યારે પૂજ્ય શાસ્ત્રીજીની આવી ઉત્તમ વિચારધારાને વેગ આપવા અને સિદ્ધ કરવા આ ટ્રસ્ટને તન-મન-ધનથી સહકાર આપવા પૂ. શાસ્ત્રીજીની નમ્ર અપીલ છે.

## ભાગવતાચાર્ય પૂ. રાજેન્દ્રપ્રસાદજી

**દ્વારા કથિત**

**રામચરિત માનસ, ભાગવત, શિવ મહાપુરાણ, દેવી ભાગવત તેમજ ગંગા સતી, પાનબાઈ, કહળશંગ ભગતનાં દુર ભજનોની ભજન પારાયણની**

**ઓડીયો સીડી, વીડીયો સીડી, ઓડીયો કેસેટ તેમજ સંકિર્તનની ઓડીયો કેસેટ પણ ઉપલબ્ધ છે. જે તેમના ઘરના સરનામે સંપર્ક કરવાથી મળી શકશે.**

**નિર્માતા**

## હરિ ઓમ સાઉન્ડ સર્વિસ

**હરદેવગીરી ગૌસ્વામી-ભાવનગર**

**મોબાઈલ નં. ૯૮૨૫૧ ૯૫૪૩૩**